**કેશોદ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.થર્ડ ૧૭૬/૧૯ ના કામે આરોપી વિપીન ઉર્ફે વિકકી રાજપાલસિંઘ જાગેરામ ખત્રી, રહે.નોર્થ વેસ્ટ ન્યૂ દિલ્હી વાળાની જામીન અરજી તળે હુકમ.**

ફો.કે.નં.૩૧૪/૨૦૨૦

આરોપીની જામીન અરજી બાબતે આરોપીના વિ.વ.શ્રીએ જામીન અરજીમાં દર્શાવેલ વિગતો અનુસાર જ દલીલ રજુ કરેલ છે અને મૂખ્યરૂપે તેઓએ ભાર આપેલ છે કે, હાલના આરોપી પાસેથી કોઈ મુદામાલ મળી આવેલ નથી તેમજ આરોપીના મોબાઈલમાંથી જે બીલ્ટી (ટ્રક બાબતની) મળી આવેલ છે તે બીલ્ટી (ટ્રક બાબતની) આરોપીએ બનાવેલ હોય તેવો કોઈ પુરાવો પોલીસને મળી આવેલ નથી અને આમ ચાર્જસીટ વંચાણે લઈએ તો હાલના આરોપી સામે કોઈપણ પ્રકારનો ગુન્હો બનતો નથી અને વંથલીમાં હાલના આરોપીને અન્ય ગુન્હાના કામે પણ જામીન મૂકત કરવામાં આવેલ છે. જેથી હાલના આરોપીને જામીન ઉપર મુકત કરવા જોઈએ.

આ બાદ સરકારી વકીલશ્રીની દલીલો સાંભળેલ, જેઓએ દલીલોમાં જણાવેલ છે કે, હાલના ગુનાના કામે જે મુદામાલ પકડાયેલ છે તેની સંખ્યા તેમજ કિંમત ધ્યાને લઈએ તો તે ખુબજ વધુ છે, તેમજ હાલના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને આ હાલનો મુદામાલ ગુજરાતમાં મોકલી આપેલ છે તે હકીકત તપાસમાં ખુલેલ છે, તેમજ આરોપીના મોબાઈલમાંથી ખોટી બીલ્ટી (ટ્રક બાબતની) મળી આવેલ છે તે હકીકત પણ તપાસમા બહાર આવેલ છે. આમ આ તમામ બાબતો ધ્યાને લેતા તેમજ તપાસના અંતે પુરાવાના આધારે હાલના આરોપી સામે ચાર્જસીટ થયેલ છે તે બાબત ધ્યાને લેતા હાલની અરજી નામંજુર કરવી જોઈએ. તેમજ અંતે સરકારી વકીલશ્રીએ ભારપૂર્વક એવી દલીલ કરેલ છે કે, હાલના આરોપી

ગુજરાતના રહેવાસી નથી અને અન્ય રાજયના રહેવાસી છે, જેથી ટ્રાયલ દરમ્યાન તે હાજર રહેશે કે કેમ, તે બાબતની કોઈ ખાત્રી થઈ શકે તેમ નથી. જેથી પણ હાલની અરજી નામંજુર કરવી જોઈએ.

બંને પક્ષોની દલીલો ધ્યાને લીધી તેમજ કોર્ટ સમક્ષ રહેલ રેકોર્ડ ધ્યાને લીધુ અને તે ધ્યાને લેતા એ બાબત ખુબજ સ્પષ્ટ થઈ જાય છે કે, હાલના ગુન્હાના કામ સિવાય હાલના આરોપીને અન્ય ગુન્હાના કામે એટલે કે, કેશોદ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૦૨૦૦૪૫૧/૨૦ કે જેમાં રૂા.૬૨,૧૧ ૨૦૦/– નો મુદામાલ રહેલ છે તેમાં પણ આરોપીને અટક કરવામાં આવેલ છે અને તેમની સામે ચાર્જસીટ થયેલ છે. અને હાલના ગુનાના કામે હાલના આરોપી સામે ચાર્જસીટ થયેલ છે જેનો ફોજદારી કેસ નં.૩૧૪/૨૦ પડેલ છે અને આમા મુદામાલ રૂા.૩૩,૧૮૮૦૦/– રહેલ છે. આથી વિશેષ આરોપીના વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, હાલના આરોપીને નામ.વંથલી કોર્ટે વંથલીમાં નોંધાયેલ આજ પ્રકારના ગુનાના કામે જામીન ઉપર મુકત કરેલ છે, આ તમામ બાબતો ધ્યાને લઈએ તો હાલના આરોપી એકજ પ્રકાર નો ગુન્હો કરવા માટે ટેવાયેલ છે તેવુ રેકર્ડ પર સ્પષ્ટ સાબિત થાય છે.

વધુમાં હાલના આરોપી નાઓએ હાલના કામે રહેલ મુદામાલ ગુજરાત રાજયમાં પહોંચાડવામાં મદદગીરી કરેલ છે તેમજ વાહનની ખોટી બીલ્ટી બનાવેલ છે તે પ્રકારના તે ઉપર આક્ષેપ છે અને તપાસના અંતે આરોપી પર આ જ બાબતે ચાર્જસીટ થયેલ છે તે રેકોર્ડ પરની સ્પષ્ટ બાબત છે. અને આમ આરોપી એક કરતા વધુ ગુન્હામાં સંડોવાયેલ છે તે બાબત ધ્યાને લેતા તેમજ તપાસના અંતે આરોપી સામે ચાર્જસીટ થયેલ છે તે બાબત ધ્યાને લેતા તેમજ આ ગુનાના કામે પોલીસે જે મુદામાલ કબજે કરેલ છે તેનો જથ્થો તેમજ તેની કિંમત કે જે રૂા.૩૩,૧૮,૮૦૦/– છે તે બાબત ધ્યાને લેતા તેમજ હાલના ગુન્હામાં પોલીસે જે કલમો ચાર્જસીટમાં દર્શાવેલ છે તેમાં આપેલ કાયદાકીય જોગવાઈઓ ધ્યાનમાં લેતા જામીન અરજી હેઠળ નીચે મુજબનો હુકમ કરવો તે વધુ યોગ્ય જણાય આવે છે.

**–:: હુ ક મ ::–**

આરોપી વિપીન ઉર્ફે વિકી રાજપાલસિંઘ જાગેરામ ખત્રી, રહે.નોર્થ વેસ્ટ ન્યૂ દિલ્હી વાળાની જામીન અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૨૫મી**, માહે **ઓગષ્ટ**, સને **૨૦૨૦** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.
તારીખ : ૨૫/૦૮/૨૦૨૦.

**(કે.આર.ગોહેલ)**
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કેશોદ. (GJ01162)